જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/ ૧૯૦૨૫

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. ૨૫ /૦૯ /૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓ તરફ
જિ-સુરત

આ સાથે સામેલ મે,પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,ગાંધીનગરની કચેરીના પત્ર ક્રમાંક/છ-૨/સંકલન/૨૦૨૧/૯૪૨૬-૫૧૪ તા.૨૦/૦૯/૨૦૨૨ અન્વયે પ્રાથમિક શાળાઓનાં ધોરણ ૬ થી ૮ નાં બાળકોને " સંસ્કૃત ગૌરવ પરીક્ષા " માં ભાગ લેવા બાબતે જાણ તથા અમલ થવા સારું

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૨૧/૯૪૨૯-૫૧૪
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા.૨૧/૦૯/૨૦૨૧

પ્રતિ,

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ**- પ્રાથમિક શાળાઓના ધોરણ ૬ થી ૮ ના બાળકોને "સંસ્કૃત ગૌરવ પરીક્ષા" માં ભાગ લેવા બાબત.

**સંદર્ભઃ**- (૧) સંસ્કૃત ભારતી, અમદાવાદનો પત્ર તા. ૧૨/૦૯/૨૦૨૨

(૨) ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ- હિ/૨૦૨૨/૩૬૯ તા. ૦૬/૦૯/૨૦૨૨

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સંસ્કૃતભારતી સમગ્ર દેશમાં અને વૈશ્વિક સ્તરે ૨૧ દેશોમાં સંસ્કૃત-સંલગ્ન વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સંસ્કૃત ભાષાના સંવર્ધન અને સંરક્ષણનું કાર્ય કરે છે. તે અંતર્ગત રાજ્યની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષાની માધુર્યતાનો પરિચય થાય તે માટે દેશભરમાં "સંસ્કૃત ગૌરવ પરીક્ષા" પ્રકલ્પ ચાલી રહ્યો છે.

સંસ્કૃત ગૌરવ પરીક્ષાના પુસ્તકો આકર્ષક મુખપૃષ્ઠ સચિત્ર, વ્યાવહારિક સંસ્કૃત શબ્દો, સંસ્કૃતગીતો તથા રોચક ભાષાશૈલીથી યુકત હોવાથી લોકભોગ્ય બન્યા છે. ઉપરાંત વિદ્યાર્થીઓના સંસ્કૃત શાળાકીય અભ્યાસ પ્રમાણેનું પુસ્તકોનું આયોજન થયુ હોવાથી સંસ્કૃતના અધ્યયનમાં પૂરક બની શકે તેમ છે. જે વિદ્યાર્થીઓએ ઉમેદવારી નોંધાવી તેને પાઠયપુસ્તક નિઃશુલ્ક મળે છે. વિદ્યાર્થીઓએ માત્ર પરીક્ષાશૂલ્ક ભરવાનું રહેશે. ઉત્તિર્ણ થનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવે છે. જે કેન્દ્રમાં સૌથી વધારે વિદ્યાર્થીઓની સંખ્યા થાય તેવા પ્રથમ ત્રણ કેન્દ્રોને માન. રાજયપાલશ્રી, માન. મુખ્યમંત્રીશ્રી કે માન. શિક્ષણ મંત્રીશ્રીના હસ્તે જાહેર સન્માન કરવામાં આવે છે.

સદર પરીક્ષા તા. ૦૭/૦૧/૨૦૨૩ ને શનિવારના રોજ લેવાનાર છે અને પ્રવેશપત્રો ભરીને મોકલવાની છેલ્લી તા. ૨૫/૧૧/૨૦૨૨ છે.

"સંસ્કૃત ગૌરવ પરીક્ષા" દર વર્ષે ચાર વિભાગોમાં લેવામાં આવે છે. જેમાં પ્રવેશિકા, પ્રદીપિકા, પ્રમોદિકા, પ્રવાહિકા એમ ચાર પરીક્ષાનો સમાવેશ થાય છે. જે અંતર્ગત ચાલુ વર્ષે શાળાઓમાં વિદ્યાર્થીઓને સ્વેચ્છાએ ભાગ લેવા પ્રોત્સાહીત કરવાના રહેશે.

<u>પરીક્ષા પ્રણાલી</u>

(ક) કેન્દ્રમાં પરીક્ષાર્થીઓની લઘુત્તમ સંખ્યા ૫૦ રહેશે.

- ચારેય પરીક્ષાના પરીક્ષાર્થીઓની કુલ સંખ્યા ૫૦ હોય તો પણ કેન્દ્ર કરી શકશે.

(ખ) ધોરણ- ૬ થી શરૂ કરીને ઉચ્ચશિક્ષણ સુધીના કોઇ પણ વિદ્યાર્થીઓ તેમજ સામાજિકવ્યકિત આ પરીક્ષામાં ભાગ લઇ શકશે.

Scanned by CamScanner

(ગ) અનુક્રમે પ્રવેશિકા અને પ્રદીપિકા તથા પ્રમોદિકા અને પ્રવાહિકા એમ બે પરીક્ષાઓ સાથે આપી શકાય.

**પંજીકરણ પહેલાની પ્રક્રિયા**

સંસ્થાએ ફોર્મ ભરતા પહેલા ધ્યાનમાં રાખવાની બાબતો:-

કેન્દ્રસંયોજકે સૌ પ્રથમ પ્રત્યેક વિદ્યાર્થીઓના નામ, જન્મ તારીખ અને કઇ પરીક્ષા આપવાની છે તેની માહિતી એકત્ર કરી લેવી. વિદ્યાર્થીઓની પરીક્ષા ફી પણ સંયોજકે મેળવી લેવી, કેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે તે નક્કી કરી લેવું. ફોર્મમાં કેન્દ્રનું નામ, કેન્દ્ર સંયોજકનું પુરૂ નામ, ઇમેઇલ, મોબાઇલ નંબર, કેન્દ્રનું સરનામુ, પીનકોડ નંબર અને પ્રત્યેક પરીક્ષાદીઠ કેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે તે વિગતો ફોર્મમાં ભરાવતા પહેલા તૈયાર રાખવી.

**પંજીકરણ પ્રક્રિયા**

સૌ પ્રથમ Google Playstore માં જઇને संस्कृतगौरवपरीक्षा એપ્લિકેશન ડાઉનલોડ કરી ઇ-મેઇલ આઇડીથી લોગીન કરવું, ત્યાર બાદ Register as institute પર ક્લિક કરવાથી સંસ્કૃતગૌરવપરીક્ષ સંબંધી માહિતી અને સૂચનાઓ વાંચી સૌથી નીચે Continue બટન પર ક્લિક કરવાથી ફોર્મ ખુલશે. વિગતો અંગ્રેજીમાં સંપૂર્ણ ભરાઇ ગયા બાદ Register and pay fee ક્લિક કરવાથી પેમેન્ટનું ઓપ્શન આવશે. તેમાં એટીએમ કાર્ડ, યુપીઆઇ, ગુગલ પે વગેરે દ્વારા પેમેન્ટ કરવાનું રહેશે. પેમેન્ટ થઇ ગયા બાદ આપને My Registration માં Waiting for confirmation નો સંદેશ બતાવશે. તેમાં સંસ્કૃતગૌરવપરીક્ષા કાર્યાલય દ્વારા ૨૪ કલાકની અંદર આપના રજિસ્ટ્રેશનની પુષ્ટી કરવામાં આવે ત્યાં સુધી વિદ્યાર્થીઓની યાદી માટે એકસલ ફાઇલ ડાઉનલોડ કરી બધી વિગતો દેવનાગરી લીપિમાં ભરી તૈયાર રાખવી, ત્યાર બાદ આપ પરીક્ષાર્થીઓના નામની યાદી (Excel File) અપલોડ કરી શકશો. તેમજ જુના પરીક્ષાર્થીઓની યાદી ડાઉનલોડ કરવી વગેરે પ્રક્રિયાઓ કરી શકશો.

**સંસ્થા માટે પરીક્ષા શુલ્ક**

(૧) પ્રવેશિકા-૬૦ (૨) પ્રદીપિકા- ૬૦ (૩) પ્રમોદિકા- ૬૦ (૪) પ્રવાહિકા- ૬૦

**પરીક્ષા**

ચારેય પરીક્ષાઓ O.M.R. પધ્ધતિથી લેવામાં આવશે. કુલ ૫૦ પ્રશ્નો રહેશે. દરેક પ્રશ્નના ૦૨ ગુણ રહેશે.

**પરિણામ અને પ્રમાણપત્ર**

(ક) ઉત્તીર્ણતા માટે ૪૦ ગુણ રહેશે. ઉત્તીર્ણ થનાર પ્રત્યેકને શ્રેણી અનુસાર પ્રમાણપત્ર આપવામાં આવશે. જેમ કે,,

તૃતીય શ્રેણી: ૪૦ થી ૫૪

દ્વિતીય શ્રેણી: ૫૫ થી ૬૯

પ્રથમ શ્રેણી: ૭૦ થી ૮૪

વિશેષયોગ્યતા: ૮૫ થી ૧૦૦

(ખ) પરીક્ષા પુરી થયા પછી ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર પરીક્ષા કેન્દ્રના સરનામે સત્વરે મોકલવામાં આવશે. (પરીક્ષાને લગતા આપના અમૂલ્ય પ્રતિભાવો આવકાર્ય છે)

**પરીક્ષા સમયસારિણી**

તા. ૦૭/૦૧/૨૦૨૩, શનિવાર

(ક) પ્રવેશિકા, પ્રમોદિકા ૧૧:૩૦ થી ૧૨:૩૦

(ખ) પ્રદીપિકા, પ્રવાહિકા ૧૦:૦૦ થી ૦૨:૦૦

<u>સંપર્કસૂત્ર</u>

સંયોજક (ગુર્જર પ્રાન્ત), ડૉ. નિકુંજ પટેલ, (M) ૯૮૯૮૪૭૦૦૭૦

સંયોજક (સૌરાષ્ટ્ર પ્રાન્ત), પ્રણવ રાજયગુરૂ, (M) ૯૪૨૮૧૦૮૯૧૨

સંપર્ક નંબરઃ- ૦૭૯-૨૫૩૮૪૮૦૮, સમયઃ- ૧૦ થી ૬

Email: sgpariksha@gmail.com


ઉકત સંદર્ભીત પત્રને ધ્યાને લઇ આપની કક્ષાએથી જરૂરી નિયમાનુસારની કાર્યવાહી કરવા તથા આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓના વધુમા વધુ વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા પ્રોત્સાહિત કરવા બાબતે જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણઃ- ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

નકલ રવાનાઃ-

- અધ્યક્ષશ્રી, સંસ્કૃત ભારતી, "પાણિનીયમ" ૧૫, કલ્યાણબાગ, બળીયાકાકા માર્ગ, કાંકરિયા, કર્ણાવતી, અમદાવાદ- ૩૮૦૦૨૮
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગ-૩ સર્કલ પાસે, સ્વમી વિવેકાનંદ વિદ્યાવિહાર કેમ્પસ, સેકટર- ૧૨, ગાંધીનગર